## બોટાદના મહે.ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, મુ. બોટાદ

### :: પ્લી તળે હુકમ ::

**૧.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનો આરોપીએ સરકારશ્રીના જાહેરનામાનો ભંગ કરી,બી.એન.એસ ની કલમ ૨૨૩ મુજબનો ગુન્હો કરેલ છે.

**૨.** આરોપીએ અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યારબાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતાં આરોપીની પ્લી લઇ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે આરોપીએ કરેલી કબુલાતએ કોઇના દાબ, દબાણ વિના સ્વ ખુશીએ કરેલ હોય તે નહિ માનવા માટે મને કોઇ કારણ જણાતુ નથી. આરોપી ને સજા અંગે પુછતા જણાવેલ છે કે આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો,ગુનાની હકિકત અને સજાની જોગવાઇ જોતા આરોપી દ્બારા અદાલત સમક્ષ કબુલાત ધ્યાને લેતાં નામદાર ગુજરાતવડી અદાલતે ૨૦૦૫(૧) જી. એલ . આર. ૭૦૯,નટવરચંદ્ર હિરાચંદ ઠાકોર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનાં કેસમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં,તેમજ આજરોજ નામદાર ડીસ્ટ્રીક્ટ કોર્ટ,બોટાદ દ્બારા નેશનલ લોક–અદાલતનુ આયોજનના ભાગરૂપે મેજીસ્ટ્રેટીયલ કોર્ટમાં કબુલાત પાત્ર થાય તેવા કેસોના નિકાલ માટે સ્પેશીયલ સીટીંગનુ આયોજન કરેલ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૫ હેઠળ બી.એન.એસ કલમ – ૨૨૩ મુજબના ગુના માટે આરોપીઓને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીને બી.એન.એસ ની કલમ – ૨૨૩ હેઠળ આરોપીને રુ. ૨૦૦/– ( અંકે રૂપીયા બસો પુરા ) પુરાનો દંડ નો હુકમ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો દિન – ૦૭ ની સાદિ કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્પેશ્યલ સીટીંગ**
તા.૧૧/૦૭/૨૦૨૬
સ્થળ :– બોટાદ

**(એમ.એસ.સોની)**
ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ
બોટાદ
કોડ નં. જીજે ૦૧૨૬૨

પહોચ નં. થી રૂ. ૨૦૦/– (અંકે રૂ.બસો પુરા)
દંડ પેટેના વસુલ લીધા.
તા.૧૧/૦૭/૨૦૨૬ નાઝર
ચીફ જ્યુડી.મેજી.કોર્ટ–બોટાદ.